ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૧૬ જૂન, ૨૦૨૬

# ગામનો ઇતિહાસ અત્યંત ગૌરવશાળી, આઝાદી પહેલાં બ્રિટિશ શાસન દરમિયાન ગ્રામજનો પર ભારે સતામણી થતી હતી, પરંતુ વેલાછાના ખમીરવંતા લોકોએ સહેજ પણ ડગ્યા વગર બ્રિટિશ હુકુમતનો મક્કમતાથી મુકાબલો કર્યો હતો

## કીમ નદીના કાંઠે વસેલું દરબારોની બહુમતી સાથે પચરંગી વસતી ધરાવતું ગામ

# વેલાછા



સુરત જિલ્લાના માંગરોળ તાલુકાની મધ્યમાં અને નેશનલ હાઇવે નં.48થી માત્ર 4 કિલોમીટરના અંતરે આવેલું વેલાછા ગામ આજે આસપાસના 20થી 25 ગામડાંમાં પોતાની એક વિશિષ્ટ ઓળખ ધરાવે છે. આશરે 2,000થી વધુની વસતી ધરાવતા આ ઐતિહાસિક ગામમાં દરબાર સમુદાયની બહુમતી છે. જો કે, ગામની ખરી વિશેષતા તેની પચરંગી વસતી છે. અહીં વાણીયા, બ્રાહ્મણ, લુહાર, મોચી, કુંભાર, મુસ્લિમ, હરિજન, આદિવાસી, રાઠોડ, હળપતિ, કોળી પટેલ અને એક પારસી પરિવાર સહિત તમામ જ્ઞાતિના લોકો વર્ષોથી વસે છે. ગામનો ઇતિહાસ ગૌરવશાળી રહ્યો છે. આઝાદી પહેલાં અંગ્રેજો શાસન દરમિયાન ગ્રામજનો પર ભારે સતામણી થતી હતી, પરંતુ વેલાછાના ખમીરવંતા લોકોએ સહેજ પણ ડગ્યા વગર બ્રિટિશ હુકુમતનો મક્કમતાથી મુકાબલો કર્યો હતો. વર્તમાન સમયમાં પણ વિવિધ ધર્મ અને જ્ઞાતિના લોકો અહીં દૂધમાં સાકર ભળે તેમ એકમેક સાથે હળીમળીને રહે છે. સુખ-દુઃખ હોય કે તહેવારો, આખું ગામ એક થઈને ઊભું રહે છે. આટલી વિવિધતા હોવા છતાં, વેલાછા ગામે કોમી એકતા અને શાંતિનું એવું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે કે આજદિન સુધી ગામમાં કોઈ મોટો અનિચ્છનીય બનાવ પોલીસ ચોપડે નોંધાયો નથી.

સમયના વહેણ સાથે વેલાછા ગામ આજે વિકાસના પંથે હરણફાળ ભરી રહ્યું છે. વર્ષો પહેલાં સામાન્ય ભૌગોલિક સ્થિતિ ધરાવતા આ ગામમાં આજે નાની-મોટી તમામ સરકારી સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે. ભૂતકાળમાં ૧૫૦૦ જેટલી વસતી ધરાવતા વેલાછાની વસતી આજે વધીને ૨૦૦૦એ પહોંચી છે. ગામમાં કુલ આઠ વોર્ડ આવેલા છે, જેમાં ગટર લાઇન, પાકા આર.સી.સી. બ્લોકના રસ્તા, વીજળી અને શુદ્ધ પીવાના પાણી માટે 'આરો પ્લાન્ટ' જેવી આધુનિક પાયાની સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે. ગામમાં શિક્ષણનું સ્તર પણ ઘણું ઊંચું છે. વર્ષો જૂની હાઈસ્કૂલના કારણે સ્થાનિક યુવાનોને પાયાથી લઈને નોકરી મળી રહે ત્યાં સુધીનું ગુણવત્તાયુક્ત શિક્ષણ ગામમાં જ મળી રહે છે. મુખ્યત્વે ખેતી પર નભતા આ ગામમાં ૧૨૦૦ એકર જેટલી ફળદ્રુપ ખેતીની જમીન આવેલી છે. એક જમાનામાં જ્યાં બળદ અને પરંપરાગત સાધનોથી ખેતી થતી હતી, ત્યાં આજે આધુનિક ટ્રેક્ટરો અને મશીનરીનો ઉપયોગ થઈ રહ્યો છે. અહીંના ખેડૂતો શેરડી, ડાંગર, તુવેર, તલ, મગ, કઠોળ અને જુવાર જેવા મબલક પાક મેળવી રહ્યા છે. સિંચાઈ માટે ગામમાંથી પસાર થતી શિયાલજ ડિસ્ટ્રિબ્યુટર, હથોડા માઇનોર, વેલાછા માઇનોર અને કઠવાડા માઇનોર જેવી નહેરો આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ઉપરાંત કીમ નદીના કાંઠે આવેલાં ખેતરોમાં નદીના પાણીનો પણ ભરપૂર લાભ મળે છે. ખેડૂતલક્ષી પર્યાવરણ ધરાવતા આ ગામમાં ગાય, ભેંસ અને બકરાં સહિત આશરે ૧૫૦૦થી વધુ પશુધન છે. ગામમાં સરકારી ગોચર અને પડતર જમીન ઉપલબ્ધ હોવાથી પશુઓને ચરિયાણની ઉત્તમ સુવિધા મળે છે. ગામના પશુપાલકો દૂધ સહકારી ડેરીમાં ભરીને દર મહિને આર્થિક રીતે આત્મનિર્ભર બની સારી આવક મેળવી રહ્યા છે. આમ, વેલાછા ગામ સુવિધા, શિક્ષણ અને સમૃદ્ધિનું એક આદર્શ ઉદાહરણ બન્યું છે.

સ્થાનિક ધારાસભ્યના અથાક પ્રયત્નોને કારણે વેલાછા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓનો અભૂતપૂર્વ વિકાસ થયો છે. કોસંબા રેલવે જંક્શન સ્ટેશનના ફાટક તેમજ હથોડા થઈને મોટી નરોલી નેશનલ હાઈવે નંબર-48 અને માંગરોળ સુધી આવવા-જવા માટે હવે ઉત્તમ વાહનવ્યવહારની સુવિધા ઉપલબ્ધ થઈ છે. ચુંટાયેલા જનપ્રતિનિધિ (MLA)ની સક્રિયતાને લીધે આ નાનકડા ગામમાં આધુનિક સુવિધાથી સજ્જ સરકારી પ્રાથમિક શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બેંક, એટીએમ, પોસ્ટ ઓફિસ અને પાકા રસ્તાઓ જેવી તમામ પાયાની જરૂરિયાતો સાકાર થઈ છે. ગામની શાળામાંથી શિક્ષણ મેળવીને અનેક યુવાનો ઉચ્ચ પદો પર પહોંચ્યા છે, અને પ્રગતિ અર્થે દેશ-વિદેશમાં સ્થાયી થયા છે. આ NRI ગ્રામજનો વર્ષોથી બહાર રહેવા છતાં, ગામના વિકાસ કાર્યો માટે હંમેશાં દાનવીર બનીને પડખે ઊભા રહે છે. જો કે, બદલાતા સમય સાથે વેલાછાને પ્રગતિનાં નવાં શિખરો સર કરાવવા માટે માંગરોળના વર્તમાન ધારાસભ્ય અને સરકારી અધિકારીઓ ખૂટતી કડીઓ પર વધુ ધ્યાન આપે અને વિકાસની આ ગતિને વેગવંતી રાખે તે અત્યંત જરૂરી બન્યું છે.

### વેલાછા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આસપાસનાં ૧૦ ગામ માટે આશીર્વાદરૂપ





નાની વસતી ધરાવતા વેલાછા ગામમાં વર્ષોથી કાર્યરત સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્થાનિકો સહિત આસપાસના વિસ્તારો માટે સંજીવની સમાન સાબિત થયું છે. વસતી ઓછી હોવા છતાં, આ કેન્દ્રમાં ઉપલબ્ધ ચોવીસ કલાકની સુવિધાને કારણે ગ્રામજનોને રાત-દિવસ આરોગ્યલક્ષી સેવાઓ સરળતાથી મળી રહે છે. આ સરકારી દવાખાનાનો લાભ માત્ર વેલાછા પૂરતો સીમિત નથી, પરંતુ આસપાસના હથોડા, કઠવાડા, શેઠી, પાણેથા, લિંબાડા, સાલા અને નંદાવ સહિતનાં ૧૦ જેટલાં ગામોના લોકો નિયમિતપણે લઈ રહ્યા છે. વર્ષોથી કાર્યરત આ આરોગ્ય કેન્દ્ર ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે એક મોટો સહારો બન્યું છે, જ્યાં તેમને મફત અને ગુણવત્તાસભર સારવાર મળી રહે છે. અંતરિયાળ વિસ્તારના લોકો માટે આ કેન્દ્ર સાચા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થયું છે.



કોસંબા-માંગરોળ રોડ પરથી પસાર થતી એસટી સેવાનો ગ્રામજનોને લાભ મળે છે

## વેલાછા ગામનો 'ચમત્કાર': ૮ વર્ષથી નળ અને ટાંકી છે, પણ પાણી ગાયબ!

### ખાતમુહૂર્ત વેળા સરકારી બાબુઓ અને નેતાઓ આવ્યા, જાહેરાતો થઈ કે હવે ગામમાં પાણીની કિલ્લત ભૂતકાળ બનશે, થયું ઊંધું



સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ઘર-ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા માટે કરોડોના ખર્ચે 'નલ સે જલ' યોજના શરૂ કરવામાં આવી છે. પરંતુ તંત્રની ઘોર બેદરકારીના કારણે આ યોજના અંતરિયાળ ગામડાંમાં માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ હોય તેવો જીવંત કિસ્સો વેલાછા ગામેથી સામે આવ્યો છે. અહીં યોજનાના ખાતમુહૂર્તને આઠ-આઠ વર્ષ વીતી ગયા હોવા છતાં ગ્રામજનો આજે પણ પાણીના એક-એક ટીપાં માટે વલખાં મારી રહ્યા છે. સ્થાનિક ગ્રામવાસીઓ પાસેથી મળતી માહિતી મુજબ આશરે આઠ વર્ષ પહેલાં વેલાછા ગામે મોટા ઉપાડે 'નલ સે જલ' યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત ગામમાં મોટી પાણીની ક્ષમતાવાળી કુલ બે ટાંકીઓ બનાવવામાં આવી હતી, જેમાં એક ટાંકી આદિવાસી વિસ્તારમાં અને બીજી ટાંકી ગ્રામ પંચાયત કચેરીની પાછળના ભાગે ઊભી કરાઈ હતી. તે સમયે તંત્ર દ્વારા ઉત્સાહભેર ઘરે-ઘરે નળનાં કનેક્શન આપીને ચકલીઓ પણ ફિટ કરી દેવામાં આવી હતી.
પરંતુ આશ્ચર્ય અને આક્રોશની વાત એ છે કે, આ યોજના શરૂ થયાને આટલાં વર્ષો વહી ગયા છતાં આજદિન સુધી પાણીનું એક ટીપું પણ આ ટાંકીઓમાં ચડ્યું નથી કે ગામના કોઈ નળમાં આવ્યું નથી. લાખો રૂપિયાના ખર્ચે બનેલી આ બંને પાણીની ટાંકીઓ આજે પણ માત્ર 'શોભાના ગાંઠિયા' સમાન બનીને ઊભી છે. ભ્રષ્ટાચાર અને નબળા આયોજનની ચાડી ખાતી આ સ્થિતિને કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોમાસા સિવાયની ઋતુમાં મહિલાઓને પીવાના પાણી માટે ભારે હાલાકી ભોગવવી પડે છે. ગામલોકોની પ્રબળ માંગ છે કે તંત્ર કાગળ પરની આ યોજનાને વાસ્તવિકતામાં બદલે અને વહેલી તકે નળમાં પાણી ચાલુ કરે.



કનુભાઈ સોમાભાઈ રાઠોડ
સરપંચ



શૈલેષભાઈ ગોમાનભાઈ રાઠોડ
ડે.સરપંચ

### ગ્રામ પંચાયત બોડી

| | |
|---|---|
| સભ્ય-રાજવીરસિંહ અરવિંદસિંહ | -અસ્મિતાબેન શૈલેષભાઈ રાઠોડ |
| -પરેશભાઈ લાડ | -ચંચળબેન રાઠોડ |
| -કિશનભાઇ રાઠોડ | -તલાટી કમ મંત્રી-દીપ્તિબેન |

### ચોમાસુ માથે: ગાંધવાનું કોતર ગમે ત્યારે સર્જી શકે છે મોટી હોનારત

ચોમાસુ શરૂ થતાં જ વેલાછામાં કુદરતી આફતોનો ભય વધી જતો હોય છે, ત્યારે ગામની ભાગોળે આવેલી 'ગાંધવાનું કોતર' તરીકે ઓળખાતી ખાડી 2000થી વધુની વસતી ધરાવતા ગામ માટે ચિંતાનો વિષય બની છે. દર વર્ષે ચોમાસા દરમિયાન કીમ નદીમાં આવતું પૂરનું પાણી સીધું આ કોતરમાં ઠલવાય છે, જેને કારણે પાણીનું સ્તર જોખમી સપાટી વટાવી જાય છે. જ્યારે પણ કીમ નદીનું પાણી આ ખાડીમાં પ્રવેશતા ગાંધવાનું કોતર ભયજનક સપાટીએ પહોંચે છે, ત્યારે આસપાસ રહેતા ગામવાસીઓના શ્વાસ અધ્ધર થઈ જાય છે. પૂરના પાણી ગામમાં કે ખેતરોમાં ઘૂસી જવાનો સતત ભય રહે છે, જેના કારણે લોકો રાત-દિવસ ફફડાટમાં જીવવા મજબૂર બન્યા છે. સ્થાનિકોના જણાવ્યાનુસાર આ કોતર ગામવાસીઓ માટે કોઈ મોટી આફતરૂપ પુરવાર થાય એ પહેલાં તંત્ર દ્વારા અહીં મજબૂત પાળા (પૂર સંરક્ષણ દીવાલ) બાંધવા અત્યંત જરૂરી છે. જો વહેલી તકે વહીવટી તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો ચોમાસાના ભારે વરસાદમાં મોટું નુકસાન થવાની ભીતિ છે. લોકહિતમાં આ પ્રશ્નનો કાયમી નિકાલ લાવવા ગ્રામજનો માંગ કરી રહ્યા છે.



વેલાછા ગામની મસ્જિદ જ્યાં મુસ્લિમ બંદગી કરે છે

### ૮૭ની ઉંમરે પણ ગામના વિકાસ માટે અડીખમ ઊભા છે ઈશ્વરકાકા



કોઈપણ ગામના વિકાસ પાછળ કોઈને કોઈ કર્મનિષ્ઠ વ્યક્તિની વર્ષોની મહેનત છુપાયેલી હોય છે. વેલાછા ગામના આવા જ એક પ્રેરણામૂર્તિ એટલે ૮૭ વર્ષીય ઈશ્વરસિંહ માનસિંહ ચૌહાણ (ઈશ્વરકાકા). તેમણે યુવાનીથી જ ગામ માટે કંઈક કરી છૂટવાની નેમ સાથે પોતાની જાત ઘસી નાંખી હતી, અને આજે પણ તેઓ આ ઉંમરે અડીખમ ઊભા છે. ઈશ્વરકાકાએ ૧૯૭૪માં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. તેઓ ત્રણ વખત ડેપ્યુટી સરપંચ અને એક વખત સરપંચ પદે રહી ચૂક્યા છે. તેમના કાર્યકાળ દરમિયાન ગામમાં અનેક વિકાસકામો થયાં હતાં. ઉપરાંત તેમણે દૂધડેરીના સેક્રેટરી, મંદિર સમિતિના પ્રમુખ અને સુગર ફેક્ટરીના ડિરેક્ટર તરીકે પણ સફળ સેવાઓ આપીને સંસ્થાઓને બેઠી કરી હતી. તેમના નેતૃત્વમાં ગુજરાત રાજ્યમાં સૌપ્રથમવાર નીલગીરી અને શરૂના ૧૩,૫૦૦ ઊભાં ઝાડની □3,૯૦,૦૦૦માં હરાજી કરવામાં આવી હતી, જે-તે સમયે એક મોટો રેકોર્ડ હતો. આ સિવાય ગામ લોકોના ધાર્મિક ઉત્થાન માટે તેમણે લોકસહકારથી કીમ નદીના કાંઠે જોગેશ્વર, નાગેશ્વર અને હરિહર નામના ત્રણ ભવ્ય મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. આજે વૃદ્ધાવસ્થા હોવા છતાં તેઓ એકદમ નીરોગી અને સક્રિય જીવન જીવી રહ્યા છે. તેમનું જીવન યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે.



દિલીપકુમાર મણીલાલ પરમાર
( એડવોકેટ ) અનુસૂચિત જાતિ

### ખુદ 'બીમાર' પડ્યું વેલાછાનું પશુ આરોગ્ય કેન્દ્ર

વેલાછા ગામમાં આવેલું વ ર્ષો જૂનું પશુ આરોગ્ય કેન્દ્ર હાલ તદ્દન જર્જરિત અને ખંડેર હાલતમાં ફેરવાઈ જતાં બંધ થઈ ગયું છે. જેના કારણે સ્થાનિક તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના પશુપાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એક સમયે આ કેન્દ્ર વેલાછા સહિત આજુબાજુનાં અનેક ગામો માટે આશીર્વાદરૂપ હતું, જ્યાં પશુઓને સમયસર સારવાર મળી રહેતી હતી. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી તંત્રની ઘોર ઉપેક્ષાના કારણે આ સરકારી દવાખાનું મૃતઃપાય હાલતમાં ગરકાવ થઈ ગયું છે અને તમામ સુવિધાઓ ઠપ્પ થઈ ગઈ છે. હાલમાં પશુ બીમાર પડે ત્યારે પશુપાલકોને ખાનગી ડોક્ટરોને મોંઘી ફી ચૂકવવી પડે છે અથવા દૂર સુધી ધક્કા ખાવા પડે છે. પશુપાલકોની માંગ છે કે આ જર્જરિત દવાખાનાની યોગ્ય મરામત કરાવી તેને સત્વરે ફરી શરૂ કરવામાં આવે, જેથી મૂંગાં પશુઓની હાડમારી દૂર થઈ શકે.

